સપ્ટેમ્બર - ૨૦૨૨

# ગીતાંજલિ ઉત્કર્ષ

યુવા વિકાસ એ જ રાષ્ટ્ર વિકાસની વિચારધારા વ્યકત કરતું મેગેઝીન



## સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત

## વિશાળ તિરંગા યાત્રા

ગીતાંજલિ કોલેજના NCC કેડેટ દ્વારા
“સ્વચ્છતા અભિયાન”

# ગીતાંજલિ ઉત્કર્ષ

સપ્ટેમ્બર - ૨૦૨૨ - વર્ષ :- ૧ - અંક :- ૧

RNI Title Code No : **GUJGUJ/2017/71188**

**માલિક – પ્રકાશક – તંત્રી : શૈલેષ જાની**


## ટીમ ઉત્કર્ષ


શૈલેષ જાની


નેહા ગૌતમ ઠાકર


ડૉ શિલ્પા એચ. ઘોડાસરા


'વાસુ' – નીતિન પ્રજાપતિ


હિતેશ લુણસિયા


કમલેશ સી. પંડ્યા


ડૉ. ઉદય જે. લાખાણી


કાજલ જે. ટંકારિયા


પ્રાપ્તિસ્થાન અને પત્રવ્યવહારનું સરનામું :

**ગીતાંજલિ કોલેજ**

રેડ ક્રોસ બિલ્ડિંગ,
રાજકુમાર કોલેજની સામે,
મોટી ટાંકી ચોક પાસે, રાજકોટ.

e-mail :
utkarsh_team@yahoo.com


**વાચકોને વિનંતી કે પોતાના પ્રતિભાવ ઉપરોક્ત સરનામાં પર મોકલવા....**

**ખાસ નોંધ :–** છપાયેલા લેખ-માહિતી, જુદાં-જુદાં માધ્યમોથી એકત્રિત કરી સમાજ ઉપયોગી બનાવવા પ્રયત્ન કરેલ છે. છતાં તે પરિવર્તનશીલ છે. આથી તમામ માહિતી કે લેખ સાથે તંત્રી-માલિક સહમત છે, તેમ માની લેવાનું કોઈ કારણ નથી.

## તંત્રી સ્થાનેથી

> "આ જ સમય છે,
> યોગ્ય સમય છે,
> ગીતાંજલિનો
> અનમોલ સમય છે.
> - શૈલેષ જાની



મારા પ્રિય, મિત્રો...
નમસ્કાર, પ્રણામ...

આજે ફરીથી 'ઉત્કર્ષ'ના માધ્યમથી આપ સૌની સમક્ષ આવી રહ્યો છું. આવો ફરીથી એક થઈએ એકમેકના થઈએ માધ્યમ 'ઉત્કર્ષ'.

સૌ કોઈ આ આયોજનમાં મુક્ત મને જોડાય યુવા વિકાસ એજ રાષ્ટ્રવિકાસની આપણી વિચારધારાને વધુ સારી રીતે પ્રવાહિત કરવાના આપણા સંકલ્પને જાગૃત અને પ્રવૃત કરી આપણા કર્તવ્યને યાદ કરીએ.

યુવા જગતના કલ્યાણને ધ્યાનમાં રાખીને તમે જે પણ કરશો... તે અમૃતના એક ટીપાની જેમ અવશ્ય પવિત્ર થશે. અને આપણા નિષ્ઠાપૂર્વકના નિઃસ્વાર્થ પ્રયાસો આવનારા વર્ષો માટે પ્રેરણા બનીને અનેકનો ઉત્સાહ જગાડતા રહેશે.

મિત્રો, હું ભવિષ્યદ્રષ્ટા નથી, કર્મના ફળ પર વિશ્વાસ ધરાવું છું. મને વિશ્વાસ છે મારી સાથે જોડાયેલી યુવાશક્તિ પર, મને વિશ્વાસ છે મારા ગીતાંજલિ પરિવાર પર, બધું જ કરી શકાય તેમ છે. તેમાં સંજોગો અને સામર્થ્ય બન્ને છે. મને શ્રધ્ધા છે, દરેક લક્ષ્ય હાંસલ કરી શકાશે.

આજે હું જેને સંકલ્પના રૂપમાં લખી રહ્યો છું, આવનારા દિવસોમાં આ સિદ્ધિના રૂપમાં બોલાશે. યુવા જગત સિદ્ધિના રૂપમાં તેનું ગૌરવગાન કરતો હશે. જે મિત્રો જોડાયેલાં હશે તેઓ તે સમયે જોશે કે 'ઉત્કર્ષે' શું કમાલ કરી બતાવી છે !


સપનાઓ અને આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં કોઈ પણ અવરોધ હવે આપણને રોકી શકશે નહીં. આપણી તાકાત આપણી જીવંતતા છે, એકતા છે, આપણી પ્રાણશક્તિ યુવાજગત છે. આ સમય છે સહભાગી સપનાઓ જોવાનો, આ સમય છે સહભાગી સંકલ્પો લેવાનો, આ સમય છે સહભાગી પ્રયાસો કરવાનો, આ જ સમય છે સંકલ્પોને સિદ્ધિમાં પરિવર્તિત કરવાનો.

ફરીથી કહું છું. આ જ સમય છે, યોગ્ય સમય છે, ગીતાંજલિ ઉત્કર્ષનો અનમોલ સમય છે. અસંખ્ય પૂજાઓની શક્તિ છે, દરેક બાજુ વિદ્યા જગતની ભક્તિ છે. તમે જાગૃત થાઓ પ્રવૃત્ત બનો. લહેરાવી દો વિચારધારાને, યુવા જગતના ભાગ્યને ફરકાવી દો, ગીતાંજલિના ભાગ્યને ફરકાવી દો.

કંઈ પણ એવું નથી જે ન કરી શકો. તમે જાગૃત થાવ, તમારા સામર્થ્યને ઓળખો, પોતાના કર્તવ્યને પહેચાનો...

**"આ જ સમય છે યોગ્ય સમય છે, 'ગીતાંજલિ ઉત્કર્ષનો' અનમોલ સમય છે."**

-માત્ર આપનો



શૈલેષ જાની

# ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ગુજરાતનું ગૌરવ બન્યા ગીતાંજલિ કોલેજના NCC કેડેટ દીપ રાઠોડ

આ વર્ષે આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થતાં દેશભરમાં સ્વતંત્રતા પર્વની ધામ-ધૂમથી ઉજવણી થઇ. લાલકિલ્લાથી PM નરેન્દ્ર મોદી સાહેબે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. દેશની આન બાન અને શાન સમાન રાષ્ટ્રધ્વજ તિરંગાને લઇને આ વર્ષે ૩ દિવસનું મહત્વનું અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું. હર ઘર તિરંગા અભિયાન હેઠળ લોકોએ પોતાના ઘર અને કાર્યક્ષેત્ર પર ગર્વ સાથે તિરંગો લહેરાવ્યો હતો.

સ્વતંત્રતા પર્વની ઉજવણી દરમિયાન દેશભરમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તો આ દિવસે દેશભરમાંથી અલગ અલગ રાજ્યની વિશેષતા મુજબ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

યુથ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ પ્રથમ વખત ૧૪ દેશોમાંથી પસંદગીના NCC કેડેટ્સે સમારોહમાં ભાગ લીધો હતો. આ વર્ષે લાલ કિલ્લા પર સ્વતંત્રતા દિવસના કાર્યક્રમમાં ૧૪ દેશોના લગભગ ૧૨૬ યુવા કેડેટ્સ ભાગ લીધો હતો. જે દેશોના કેડેટ્સ ભારત પહોંચ્યા છે તેમાં મોરેશિયસ, આર્જેન્ટિના, બ્રાઝિલ, કિર્ગિસ્તાન, ઉઝબેકિસ્તાન, યુએઈ, ઈંગ્લેન્ડ, અમેરિકા, માલદીવ્સ, નાઈજીરિયા, ફિજી, ઈન્ડોનેશિયા, સેશેલ્સ અને મોઝામ્બિકનો સમાવેશ થાય છે. તો સાથે જ ભારતમાંથી ૧૭૦ જેટલા કેડેટ્સ આવ્યા હતા.

ગુજરાત રાજ્ય તરફથી રાજકોટનું ગૌરવ **ગીતાંજલિ કોલેજ**ના TY.BSCIT માં અભ્યાસ કરતા દીપ રાઠોડની પસંદગી કરવામાં આવી હતી. જાણીએ દીપ રાઠોડના શબ્દોમાં...

હું દીપ રાઠોડ ગીતાંજલિ કોલેજમા TY.BSCIT અભ્યાસ કરું છું. સાથે જ NCC માં પણ કાર્યરત છું. મેં EBSB IDC ૨૦૨૨ કેમ્પમાં ભાગ લીધો હતો. જેમાં મારે ગુજરાતને પ્રદર્શિત કરવાનું હતું. જેમાં માધ્યમ કલ્ચર (ગરબા) અને Attire (ડ્રેસ)નું હતું. ૧૫ મી ઓગસ્ટના દિવસે લાલ કિલ્લા પર થયેલ મહોત્સવમાં મને ભાગરૂપી બનવાનો મોકો મળ્યો. ત્યાં પ્રાઇમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી સાહેબ સાથે ખૂબ જ આનંદ દાયક મુલાકાત રહી હતી. ત્યાં અમુક મિનિટો માટે જ પરંતુ નરેન્દ્ર મોદી સાહેબ સાથેનો વાર્તાલાપ ખૂબ જ આનંદમય હતો.

૧૪ મી ઓગસ્ટના દિવસે NCC Lt. General Gurbirpal Singh ના હસ્તે કલ્ચર (ગરબા) નું ગિફ્ટ ડીસ્ટ્રિબ્યુશન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતમાંથી આવેલા ૭૯૦ કેડેટમાંથી બેસ્ટ ૪૬ કેડેટનું સિલેક્શન થયું. તેમાંથી પણ ટોપ ૩ માં સ્ટેટને રિપ્રેઝન્ટ કરવા માટે ત્રણ કેડેટનું સિલેક્શન કરવામાં આવ્યું હતું. મારા માટે આ ગર્વની વાત છે કે, મને ગુજરાતને રીપ્રેઝન્ટ કરવાનો મોકો મળ્યો. આ માટે મને આનંદની લાગણી છે. વધુ ખુશીની વાત એ છે કે, ગુજરાત ત્રીજા નંબરથી વિજય પામ્યું હતું.

૧૩ મી ઓગસ્ટના દિવસે દિલ્હીના રાજ્ય રક્ષા મંત્રી સાથેની મુલાકાત લીધી હતી. જ્યાં કેમ્પ દરમિયાન ૧૪ અલગ અલગ દેશોના કેડેટે પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. હું અને અક્ષય રાણપરિયા અમે બંનેએ પણ તેમાં ભાગ લીધો હતો. ને કલ્ચર પ્રોગ્રામ અને લાલ કિલ્લા પર થયેલ ઇવેન્ટમાં ભાગ લીધો હતો. મારી સાથે અક્ષય રાણપરિયાએ પણ કલ્ચરમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. જ્યાં ૧૭ ડિરેક્ટર સાથે કોમ્પિટિશન કરીને ગુજરાતને ત્રીજી પોઝિશન સાથે વિજેતા બનાવી હતી. આ વાત માત્ર મારી કોલેજ જ નહિ, રાજકોટ જિલ્લો અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.








મારા માટે આ ગર્વની વાત છે કે, મને ગુજરાતને રીપ્રેઝન્ટ કરવાની તક મળી,
આ માટે હું આનંદની લાગણી અનુભવું છું. - દીપ રાઠોડ




# દેશની આન, બાન અને શાન તિરંગા યાત્રામાં જોડાયા "ગીતાંજલિ" કોલેજના વિદ્યાર્થીઓ



દેશને આઝાદી મળ્યાને આ વર્ષે ૭૫ વર્ષ પૂર્ણ થયા. જેની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજકોટમાં તારીખ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ આદરણીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ અને આદરણીય ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્ત્વ હેઠળ અને રાજકોટના કલેકટર શ્રી અરુણ મહેશ બાબુના માર્ગદર્શનમાં રાજકોટમાં તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગીતાંજલિ કોલેજના દરેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

ગીતાંજલિ કોલેજના **NCC** ઓફિસર લેફ્ટિનન્ટ રાજેશ ચૌહાણની આગેવાની હેઠળ એનસીસી કેડેટ્સ એ ૨૦૦ મીટર તિરંગા સાથે તિરંગા યાત્રામાં ભાગ લીધો હતો. આ તિરંગા યાત્રા મોટી ટાંકી ચોકથી ફૂલછાબ ચોક, લીમડા ચોક, શાસ્ત્રી મેદાન સામેથી કોટક સ્કૂલ સુધી આયોજીત કરવામાં આવી હતી.

૧૨મી ઑગસ્ટ ૨૦૨૨ના રોજ ગીતાંજલિ ભવન ખાતે ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વક્તૃત્ત્વ સ્પર્ધા, દેશભક્તિના ગીતોનું પઠન કરવામાં આવ્યું હતું. તેમાં ઘણાં વિદ્યાર્થીઓએ ભાગ લઈને દેશ પ્રત્યે સમર્પણ દર્શાવ્યું હતું.

આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીમાં વિદ્યાર્થીઓએ આર્થિક સ્વતંત્રતા મેળવવા માટે બેંકિંગ ક્ષેત્રનું મહત્વ, કૃષિ ક્ષેત્રનો વિકાસ, સ્વાતંત્ર્ય સેનાની ખુદીરામ બોઝ, ભગતસિંહ જેવા વિવિધ વિષયો પર વક્તવ્ય આપ્યા હતા. વર્તમાન ભારતીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ચાનુ સાઈખોમ મીરાબાઈ ભારતીય વેઈટલિફ્ટર જેવા



સફળ લોકો પર પણ ભાષણો આપવામાં આવ્યાં હતા.

ગીતાંજલિ કોલેજના ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ દેશભક્તિની ભાવના સાથે તિરંગા રેલીમાં જોડાયા હતા. સાથે જ રાજકોટ મેયર ડૉ.પ્રદીપ ડવ, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મીરાણી, કશ્યપ શુક્લા, પૂર્વ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરા, ડૉ. નેહલ શુક્લ, દેવાંગ માંકડ અને દર્શિત જાની સહિતના અનેક નેતાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટના લેજેન્ડ ૯ લોકોની ઉપસ્થિતિમાં ગીતાંજલિ કોલેજના ચેરમેન શૈલેષ જાની, ટ્રસ્ટી ડૉ. જ્યોતીન્દ્રભાઈ જાની તેમજ કેમ્પસ ડિરેક્ટર નિલેશભાઈ રાવલ સહિતના અગ્રણીઓએ તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.



# સમર્પણ કોલેજના વિદ્યાર્થીઓ 'રામવન' માં બન્યા રામમય

જન્માષ્ટમીના તહેવાર પર રાજકોટને રામવનના સ્વરૂપમાં એક અમૂલ્ય ભેટ મળી છે. એટલું જ નહિ, ૨૮ ઓગસ્ટ સુધી દરેક નાગરિકો માટે રામવનમાં નિ:શુલ્ક પ્રવેશ પણ આપવામાં આવ્યો. રામવન રાજકોટ જ નહિ સમગ્ર ગુજરાતનું ગૌરવ તો છે જ પરંતુ રામવન માત્ર એક ફરવાલાયક સ્થળ નથી. ભગવાન શ્રી રામના જીવન પર આધારિત આ રામવન લોકોને ઘણું જ જ્ઞાન પૂરું પાડી રહ્યું છે. આ મીની અયોધ્યા કહેવાતા રામવનનો લાભ સમર્પણ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ પણ લીધો હતો.



તા. ૨૬/૦૮/૨૦૨૨ ના રોજ રંગીલા રાજકોટમાં નવનિર્માણ પામેલા 'રામવન' ની મુલાકાતે સમર્પણ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પહોંચ્યા હતા. રાજકોટના પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે નવનિર્મિત રામવનની રશ્મિ મેડમના માર્ગદર્શન મુજબ સમર્પણ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ મુલાકાત કરી હતી અને સમગ્ર રામવનનું ભ્રમણ કરી શ્રીરામના સમગ્ર જીવન વિશે જાણકારી મેળવી હતી.

'રામવન' ને આપણે મીની અયોધ્યા કહીએ તો ખોટું નથી. કારણકે અહીં ભગવાન રામના વનવાસ સાથે સંકળાયેલાં બેનમુન સ્કલ્પ્ચર બનાવવામાં આવ્યા છે જેથી આ જગ્યા વિદ્યાર્થીઓ માટે પૌરાણિકકાળને જાણવા માટે યોગ્ય બની ગઈ છે.

વિદ્યાર્થીઓએ મુલાકાત દરમિયાન ભારતના સાંસ્કૃતિક પ્રાકૃતિક વારસાને જાળવવાની સમજ મેળવવી હતી. રામવનના સમગ્ર વિસ્તારના વૃક્ષોનું ડ્રિપ ઈરિગેશન પદ્ધતિથી પિયત કરવામાં આવે છે જેથી પાણીનો વપરાશ ન્યૂનતમ થાય. જે માત્ર ઈતિહાસ જ નહિ પણ વિજ્ઞાન પણ શીખવે છે. વિદ્યાર્થીઓએ આ સિવાય પણ બીજી અનેક જાણકારી મેળવી પોતાના અભ્યાસમાં નવા જ્ઞાનનો સંચય કર્યો છે.

રામવનનું ખાસ આકર્ષણ કહી શકાય તે સમગ્ર રામાયણ આધારિત પ્રસંગો, જેમાં રામ-ભરતનું મિલન હોય, રામ સેતુ, રામ સીતા અને સીતાહરણ, રામ અને સુગ્રીવ સેના, રામ-લક્ષ્મણ-જાનકી વનવાસ, શ્રી રામનો રાજ્યભિષેક, જટાયું વગેરેની માહિતી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક મેળવી હતી.

રામ ધનુષના આકારમાં બનેલો રામવાનનો પ્રવેશ દ્વાર આકર્ષણનું કેન્દ્ર બન્યો જે રામકથા જાણવાની આતુરતા બક્ષે છે. ખાસ તો વિદ્યાર્થીઓમાં ભગવાન રામની ૩૦ ફૂટ ઊંચાઈ વાળી ભવ્ય પ્રતિમા આકર્ષણનુ કેન્દ્ર બની હતી. આજીડેમ નજીક કિશાન ગૌશાળા સામે આવેલા રામવનની વિશેષતા એ છે કે, ૪૭ એકર જગ્યામાં બનેલ આ રામવનમાં ભગવાન રામે કરેલા ૧૪ વર્ષના વનવાસ ઉપરાંત ભગવાન રામના જીવન ચરિત્ર સાથે સંકળાયેલ અલગ અલગ પ્રસંગોની ૨૨ જેટલા સ્કલ્પ્ચર દ્વારા ઝાંખી કરાવવામાં આવી છે.

બાળકોને રમવા માટે હીંચકા લપસીયા અને નાનું મેદાન બનાવવામાં આવ્યું છે. બગીચામાં વિવિધ રમતો, હીંચકા અને સાથે તમામ અધ્યાપકો- વિદ્યાર્થીઓ એ કેન્ડી-આઈસક્રીમનો આનંદ માણ્યો હતો. ઋષિમુનિઓ દ્વારા જંગલમાં જે રીતે યોગ કરવામાં આવતા હતા તે યોગ મુદ્રાના સ્કલ્પ્ચર પણ ત્યાં મુકવામાં આવ્યા છે. અને ભગવાન રામનો રાજ્યાભિષેક સમયનું સ્કલ્પ્ચર મુકવામાં આવ્યું છે. જ્યાંથી આગળ એક નાનું તળાવ બાદમાં, મોટું તળાવ, રામ અને શબરીનું મિલન જોવા મળે છે જેની બાજુમાં એક થિયેટર બનાવવામાં આવ્યું છે. જે રામના જીવનને વધુ જાણવા માટે મદદરૂપ છે. સાથે જ જડીબુટ્ટીના બદલે આખો પર્વત ઉપાડીને લઇ આવેલ હનુમાનજી મહારાજનું સ્કલ્પ્ચર બેનમુન છે.

ત્યાં ત્રણ ફૂડકોર્ટ, બાળકો માટે હિંચકા લપસીયા, વોકિંગ ટ્રેક, કોન્ફોરન્સ રૂમ, મિટિંગ રૂમ, એમ્ફી થિયેટર, બેસવા માટે ૫ સાદા ગઝીબો, ૨ કલાત્મક ગઝીબો, ૩ ટોયલેટ, સુરક્ષા માટે ૩ માળની ઉંચાઈ ધરાવતા ૨ ટાવર, CCTV કેમેરા, અને ટ્રેકની આજુબાજુમાં બેસવા માટે સોફા ટાઈપ બેંચીસ પણ ખાસ મુકવામાં આવી છે. જ્યાંથી વિદ્યાર્થીઓ જ્ઞાન સાથે ગમ્મતના પાઠ શીખી પરત ફર્યા હતા.

રામવનના ધાર્મિક અને અધ્યાત્મિક વાતાવરણમાં મનને પ્રફુલ્લિત કરી વિદ્યાર્થીઓએ આત્મીય ભાવ કેળવ્યો હતો. ખાસ તો રામવનની મુલાકાત એ સમર્પણ કોલેજના અધ્યાપકોનો હેતુ એ જ હતો કે, વિદ્યાર્થીઓ વચ્ચે આત્મીય ભાવ કેળવાય સાથે જ આંનદ સાથે સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાલક્ષી જ્ઞાન મળે. વિદ્યાર્થીઓ આનંદ અને પ્રફુલ્લિત મને અધ્યાપકો સામે પોતાની વાત મુકી શકે, જે કદાચ વર્ગખંડની ચાર દીવાલ વચ્ચે શક્ય નથી બની શકતું. જો કે, અધ્યાપકો ઘણા અંશે સફળ પણ થયાં છે.



# ગીતાંજલિ કોલજ દ્વારા સ્વચ્છતા અભિયાન

દેશની સ્વચ્છતા એ દેશના દરેક નાગરિકની જવાબદારી છે. પરંતુ કેટલા લોકો ખરેખર સ્વચ્છતા રાખે છે ? એ વિચારવા જેવું છે. વિવિધતાથી ભરેલા દેશવાસીઓ પોતાની આસપાસ પણ સ્વચ્છતા રાખે તો એ દેશ માટે કંઈક સારું કાર્ય કર્યું એમ કહી શકાય. પરંતુ દેશના નાનાથી માંડીને મોટા સ્મારક, દેશનો અમૂલ્ય વારસો, આપણી સંસ્કૃતિની સ્વચ્છતા રાખવી એ પણ એક ભારતીય નાગરિક તરીકે આપણી જ જવાબદારી છે. આ જવાબદારી ઉઠાવી હતી રાજકોટની **ગીતાંજલિ કોલેજના વિદ્યાર્થીઓએ.**



દેશને આઝાદી મળ્યાના ૭૫ વર્ષની ઉજવણીમાં આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી સમગ્ર દેશમાં થઈ હતી.







જે અંતર્ગત ગીતાંજલિ કોલેજના ચેરમેનશ્રી શૈલેષ જાની અને કેમ્પસ ડાયરેક્ટર નિલેશ રાવલ સાહેબના માર્ગદર્શન હેઠળ, એસોસિએટ એનસીસી ઓફિસર લેફ્ટનન્ટ રાજેશ ચૌહાણના નેતૃત્વ હેઠળ ગીતાંજલિ કોલેજના NCC કેડેટ દ્વારા સાફ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

NCC કેડેટે ડો. યાજ્ઞિક રોડ પાસે આવેલ સ્વામી વિવેકાનંદના સ્ટેચ્યુની અને તેની આસપાસ સફાઈનું આયોજન કર્યું હતું. સ્વામી વિવેકાનંદની પ્રતિમા અને તેની આસપાસના ભાગમાં વ્યવસ્થિત સફાઈ કરી હતી. જે ખરેખર સરાહનીય છે.

